# મેનેજીંગ કમિટીની ચૂંટણી અંગેના નિયમો

## બંધારણના ચૂંટણી અંગેના નિયમો કલમ ૬.૪ (૨) અને (૩) મુજબ યોજવામાં આવશે.

1. ચૂંટણી શનિવાર, **તા. ૦૨/૦૫/૨૦૨૬**ના રોજ રાખવામાં આવી છે.
2. ચૂંટણી સ્થળ **પ્લેટિનમ હોલ**, SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે રાખવામાં આવેલ છે.
3. વ્યવસ્થાના ભાગ રૂપે ચૂંટણીનું સ્થળ બદલી શકાશે.
4. મતદાનનો સમય સવારે **૯.૦૦** થી સાંજે **૫.૦૦** કલાક સુધીનો રાખવામાં આવ્યો છે.
5. ઉમેદવાર ઉમેદવારી પત્રક લેવા આવે ત્યારે અથવા જમા કરાવવા આવે ત્યારે સમગ્ર **SIECC**ના કેમ્પસમાં કોઇપણ પ્રકારનો ચૂંટણી પ્રચાર કરી શકાશે નહીં.
6. સમગ્ર **SIECC**ના કેમ્પસમાં કોઇપણ પ્રકારનો ચૂંટણી પ્રચાર કરી શકાશે નહીં.
7. ઈલેકશન કેમ્પસમાં માત્ર અધિકૃત મતદાતાઓને જ પ્રવેશ આપવામાં આવશે.
8. જે તે વિભાગમાં ખાલી પડેલ બેઠકો માટે ખાલી પડેલ બેઠકો જેટલા જ મતો આપવા ફરજીયાત છે. તેનાથી વધુ કે ઓછા મતોવાળું મતપત્રક રદબાતલ ગણવામાં આવશે.
9. મતદાન પૂરૂં થયા પછી તરતજ મતગણતરી કરવામાં આવશે અને મતગણતરી પૂરી થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવશે. જો ટાઇ થાય અને ઉમેદવારોને એક સરખા મત મળે તો ડ્રો દ્વારા પરિણામ નકકી કરવામાં આવશે.
10. મતપત્રક ગુજરાતીમાં છપાવવામાં આવશે, પરંતુ મતપત્રકમાં ઉમેદવારોના નામ અંગ્રેજી આલ્ફાબેટ પ્રમાણે શરૂ કરીને અનુક્રમ નંબર આપવામાં આવશે.
11. ચૂંટણીમાં મતદારની ઓળખ માટે પ્રમાણિત આઈડેન્ટીટી કાર્ડ સાથે લાવવો જરૂરી છે. ખાસ સંજોગોમાં ચૂંટણી કમિટીની મંજૂરીથી ઓળખપત્ર વગર પણ મતદાન થઇ શકશે. પરંતુ ચૂંટણી કમિટી સમક્ષ મતદારની ઓળખ આપવી જરૂરી છે.
12. વ્યકિતગત સભ્યોએ પોતાના વ્યકિતગત સભ્યપદની હેસિયતથી મતદાન કરી શકશે. જો કોઈ સભ્ય કોઇ એસોસીએશન, કંપની કે ભાગીદારી પેઢીના પ્રતિનિધિ તરીકે પણ ચેમ્બરના સભ્ય તરીકે નોંધાયા હોય તો તે હેસિયતથી પણ વધારાનો મત આપી શકશે.
13. કોઈ પણ ઉમેદવાર પોલીંગ ઓફિસરની નિમણૂંક કરી શકશે નહિ.
14. મેનેજીંગ કમિટીની ચૂંટણી શરૂ થાય તે પહેલા જે તે વિભાગમાં જેટલી બેઠક માટે ચૂંટણી કરવાની છે તે ઉપરાંતના વધારાના ઉમેદવારોના ઉમેદવારી પત્રક પાછા ખેંચાઇ જાય તો ચૂંટણી કરવાની રહેશે નહીં.
15. જો ઉમેદવારો ઉમેદવારી પત્રક પાછા ખેંચવાની **તા: ૧૧/૦૪/૨૦૨૬** પછી અને ચૂંટણીના ચોખ્ખા ત્રણ દિવસ અગાઉ એટલેકે **તા: ૨૮/૦૪/૨૦૨૬** સુધી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લે તો પણ તેઓના નામ મતપત્રક પર તો રહેશે જ પરંતુ તેને મતપત્રકમાં અલગ નીચે દર્શાવવામાં આવશે અને મતદાનના દિવસે જેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી હોય તો તેમના નામ મતદાન મથક ખાતે નોટિસ બોર્ડ ઉપર મતદારો વાંચી શકે તે રીતે મૂકવામાં આવશે. આવા મતદારોને મળેલ મતો ગણતરીમાં લેવામાં આવશે પણ તેમને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે નહી.
16. ઉમેદવારી પત્રકની ચકાસણી ફક્ત ચૂંટણી કમિટી જ કરશે, ઉમેદવારી પત્રકની ચકાસણીનો અધિકાર અન્ય કોઇને પણ રહેશે નહિ.
17. બેલેટ પેપર ઉપર ચોકડીના નિશાન માટે બોલપેન વપરાશે અને દરેક મતદારે પોતાની બોલપેન સાથે લાવવાની રહેશે.

The Southern Gujarat Chamber of Commerce & Industry ★ SURAT

**18.** ચોકડી સિવાયનું કોઇ પણ લખાણ કે છેક-છાક હશે તો તેવા મતોવાળું મતપત્રક રદબાતલ ગણવામાં આવશે.

**19.** જે તે વિભાગમાં ખાલી પડેલ જગ્યા જેટલા જ મત આપવાના રહેશે. જો તેના કરતા વધુ કે ઓછા મત આપેલ હશે તો તે મતપત્રક રદ ગણાશે.

**20.** ચૂંટણી પ્રચાર બંધારણની કલમ ૬.૪ (૧૩) મુજબ કરવાનો રહેશે.

- ચૂંટણી પ્રચાર SMS, WHATSAPP, FACEBOOK, INSTAGRAM, TWITTER તથા અન્ય સોશિયલ મીડિયાના માધ્યમથી કરી શકાશે.
- ચૂંટણી પ્રચારમાં SMS માટે SGCCIના કોઈ પણ સેન્ડર આઈ.ડી.નો ઉપયોગ કરી શકાશે નહિ.
- ચૂંટણી પ્રચાર હોર્ડીંગ્ઝ, બેનર, પોસ્ટર, વર્તમાનપત્રો, રેડિયો વિગેરે દ્વારા કરી શકાશે નહિ.
- ચૂંટણી સ્થળે ચૂંટણી દરમ્યાન **PAMPHLET**, ચિટ્ઠી, કાપલી વિગેરે દ્વારા ચૂંટણી પ્રચાર થઇ શકશે નહિ.
- ઉમેદવાર માત્ર ૦૧ (એક) કાર્યાલય પર ૩ **MTR X** ૨ **MTR**નું માત્ર ૦૧ (એક) બેનર ડિસ્પલે કરી શકશે.
- ચૂંટણીના દિવસે ચૂંટણી કમિટીએ ફાળવેલ મંડપ ઉપર ઉમેદવાર કે પેનલ ૩ **MTR X** ૨ **MTR**નું માત્ર ૦૧ (એક) બેનર ડિસ્પલે કરી શકશે.

**21.** ચૂંટણીમાં જો ઉમેદવારો ભેગા થઇ પેનલ બનાવવા ઈચ્છતા હોય તો તેઓ પેનલ બનાવી શકે છે અને તેમને પેનલ માટે ચિન્હ તેમજ નામની જરૂર હોય તો તેમની માંગણી અનુસાર ચિન્હ તેમજ નામ ફાળવી આપવામાં આવશે. જો કોઈ પેનલો દ્વારા એક સરખા ચિન્હ કે નામની માંગણી કરવામાં આવશે તો તેવા સંજોગોમાં પ્રથમ માંગણી કરનારને તેમણે માંગેલ ચિન્હ કે નામ ફાળવી આપવામાં આવશે. કોઈ પણ પેનલે ચિન્હ તેમજ નામની માંગણી કરતી અરજી **તા. ૨૪/૦૪/૨૦૨૫**ના રોજ સાંજે **૬:૦૦** કલાક પહેલા કરવાની રહેશે, ત્યારબાદની કોઈ પણ અરજી માન્ય ગણાશે નહિ. માંગેલ ચૂંટણી ચિન્હ કે નામને મંજૂર કરવાની સત્તા ચૂંટણી કમિટીને રહેશે. વધુમાં, ચૂંટણી કમિટી જે ચિન્હ કે નામ ફાળવે તે જે-તે પેનલને બંધનકર્તા રહેશે.

**22.** દરેક પેનલને **૫૦X૫૦** ફૂટનો મંડપ બનાવવાની પરમિશન આપવામાં આવશે. જેની ફાળવણી પણ ડ્રો કરીને કરવામાં આવશે. જેમાં તેઓ ભોજનની વ્યવસ્થા કરી શકશે.

**23.** ચૂંટણી નિયત કરેલ સ્થળ પર માત્ર ચૂંટણી કમિટીના સભ્યો, ચૂંટાયેલા હોદ્દેદારો (પ્રમુખ અને ઉપપ્રમુખ) અને ઉમેદવારો જ ઉપસ્થિત રહી શકશે. અન્ય સભ્યોને માત્ર તેમના મતદાનની પ્રક્રિયા પૂરતો જ પ્રવેશ આપવામાં આવશે.

**24.** વહીવટી સરળતા તથા મતદારોની સગવડને ધ્યાનમાં રાખી, ચૂંટણી કમિટી વ્યવસ્થા તથા નિયમોમાં જરૂરી સુધારા–વધારા કરી શકશે.

**25.** કોઈપણ વિવાદિત અથવા બિનવિવાદિત બાબતમાં ચૂંટણી કમિટીનો નિર્ણય અંતિમ નિર્ણય ગણાશે

**આપનો વિશ્વાસુ,**

The Southern Gujarat Chamber of Commerce & Industry ★ SURAT

**ચેરમેન, ચૂંટણી કમિટિ,**
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**